EDII

Divyabhaskar (Citybhaskar)

June 28, 2020
Pg.No.09

# વૈશ્વિક સાહસિકતા રિપોર્ટ માટે EDII સ્ટાફે મદદ કરી

## ENTREPRENEURSHIP REPORT

સિટી રિપોર્ટર . અમદાવાદ

યુ.એસ ખાતે આવેલી 'ગ્લોબલ આંત્રરપ્રિન્યોરશિપ મોનિટર'(GEM) દ્વારા દરવર્ષે ભારત સહિત વિશ્વના દેશોમાં આંત્રપ્રિન્યોરશિપના ક્ષેત્રે થઈ રહેલા વિકાસ અંગે જાણવા માટે કન્ટ્રી વાઈઝ નેશનલ રિપોર્ટ અને ગ્લોબલ રિપોર્ટ જાહેર કરવામાં આવે છે. જેમાં ઈડીઆઈઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લા, ઈડીઆઈઆઈના પ્રોફેસર.અમિત દ્વિવેદી અને પ્રોફેસર પંકજ ભારતીએ આ વર્ષનો રિપોર્ટ તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

## IIM બાદ 2013થી EDII કરી રહ્યું છે સરવે

છેલ્લા 20 વર્ષથી આંત્રપ્રિન્યોરશિપ અને તેની સાથે સંકળાયેલા વિષયોને આવરીને જીઈએમ દ્વારા નેશનલ અને ગ્લોબલ લેવલ પર બે વર્ષે કરવામાં આવે છે. જેમાં ભારતના નેશનલ સરવેનું કામ 1999માં આઈઆઈએમને સોંપવામાં આવ્યુ હતુ. 2001 સુધી આઈઆઈએમ એ આ સરવેમાં ભાગ લીધો હતો ત્યાર બાદ 2012 સુધી કોઈ શૈક્ષણિક સંસ્થા આ સરવેમાં જોડાઈ ન હતી પરંતુ 2013થી ઈડીઆઈઆઈને આ કામ સોંપવામાં આવ્યું ત્યારથી માત્ર ઈન્ડિયાના નહી પરંતુ ગ્લોબલ લેવલ પર થતા 60 દેશોમાં રિપોર્ટમાં પણ પોતાના વિચારો અને સરવેમાં સંસ્થા મદદ કરી રહી છે.